જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૪/૨૦૧૭ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૮૯૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧૯ લીટર દેશી દારૂ, ૯૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૩ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧૬૩ બિયર ટીન, ૨૩૯ બોટલ જીન, ૦૧ મોટર સાયકલ, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૪૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૮૯૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-   સમાચાર યાદી નં.૯૦૦/૧૭

**સેટેલાઇટ** : દીપક વિરેન્દ્ર પરીહાર (રહે,ગોકુલધામ સોસાયટી, સંતોષનગર સામે આઈ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ તા.૨૮/૪/૧૭ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૪/૧૭ ના કલાક ૭/૩૦ વાગ્યાનાં સુમારે નહેરૂનગર, સુખધામ એપાર્ટમેન્ટ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ સારાભાઈ પોટર્સ નામના રોયલ ઈન્ફીલ્ડ કંપનીના શો રૂમમાંથી આરોપી રાજેન્દ્રકુમાર સી. ભગત (રહે,પ્રાર્થના વિહાર આંબાવાડી ના હોવાની ખોટી ઓળખ આપનાર ઈસમ જેનાં સાચા નામ-સરનામાની ખબર નથી) એ ખોટા ઓળખ પુરાવા આપી, કંપનીમાંથી રોયલ ઈન્ફીલ્ડ બુલેટ કે જેનો આર.ટી.ઓ રજી.નંબર **GJ-01-MW-6005** નો આવેલ હતો કિંમત રૂપિયા ૧,૭૨,૯૯૦/- મતાની લઇ જઇ કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે.

## દુષ્પ્રેરણની ફરીયાદ :-   સમાચાર યાદી નં.૯૦૧/૧૭

**સરદારનગર** : નંદાબેન ઉર્ફે નિશાબેન વા/ઓ હરેશકુમાર હેમનાની (રહે.અંજના ઇલોરા ફ્લેટ, ગેલેક્ષી સિનેમા પાસે નરોડા) એ તા.૨૮/૪/૧૭ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને-૨૦૧૩ થી તા.૨/૪/૧૭ સવારના ૧૦/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન નંદાબેનનાં પતિ આરોપી (૧) હરેશકુમાર ભુરામલ હેમનાની તથા તેમનાં દિકરા (૨) પંકજ હરેશકુમાર હેમનાની(બંને રહે.અમરદીપ ફ્લેટ પુસ્કર બંગ્લોઝની બાજુમાં નાના ચિલોડા) અને (૩) સંજયકુમાર હરેશકુમાર હેમનાની (રહે.તુલસી પાર્કની સામે નાનાચિલોડા) તથા (૪) સતીશભાઇ(જમાઇ) (રહે,સિંધુસાગર સોસાયટી માયા સિનેમા પાસે કુબેરનગર સરદારનગર) ભેગામળી નંદાબેનનાં પ્રથમ પતિનાં દિકરા હિતેશભાઇને શારીરીક અને માનશીક ત્રાસ આપતાં, તા.૨/૪/૧૭ સવારનાં ૧૦/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે છતનાં હુકમાં દુપટ્ટો બાંધી, ગળેફાંસો ખાઇ હિતેશભાઇએ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૦૨/૧૭</u>**

**પાલડી** : રૂહી મેહુલભાઇ રાવલ (ઉ.વ.૨૬)(રહે,શબરી એપાર્ટમેન્ટ, મોતીનગર સોસાયટી, રામબલી સ્કુલની બાજુમાં, ન્યુ વિકાસગ્રુહ રોડ, પાલડી) તા.૨૮/૪/૧૭ નાં કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ પુરૂષ (૧૮ થી ૨૨ વર્ષના આશરાના) રૂહી ના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ રૂહી રાવલે પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.ગોજીયા ચલાવે છે.

**પાલડી (૨)**: લક્ષ્મીબેન વા/ઓ દતારામ યાદવ (ઉ.વ.૬૫)(રહે.અમરતભાઇની ચાલી રંગોલી પાર્ટી પ્લોટ પાસે નારાયણનગર વાસણા) તા.૨૮/૪/૧૭ નાં કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે દશાપોરવાળ સોસાયટીમાં આવેલ વર્ધમાન તપ આયંમ્બીલ સંસ્થાની પાસે, ત્રણ રસ્તા નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ પુરૂષ લક્ષ્મીબેનનાં ગળામાંથી સોનાની માળા કિંમત રૂપિયા ૩૨,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ લક્ષ્મીબેન યાદવે પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.ગોજીયા ચલાવે છે.

**<u>દાઝી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૯૦૩/૧૭</u>**

**રામોલ** : ભરતભાઈ રમેશભાઈ પટેલ (ઉ.વ.૨૭)(રહે,જયરણછોડ સોસાયટી, સ્વયંભુ હોસ્પીટલની પાછળ વસ્ત્રાલ) તા.૨૭/૪/૧૭ રાતના ૯/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પ્રાઈમસ ઉપર દુધ ગરમ કરતા હતા ત્યારે પ્રાઈમસમાં ભડકો થતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ લાવેલ જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જુવાનસિહ થાવરાજી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)